:: અર્થગ્રહણ 4 ::

વિષય : - ગુજરાતી

ધો. ૬ થી ૮ માટે...

શ્રી કૃષ્ણનો જન્મ મથુરાના કારાગૃહમાં થયો હતો. તેમની માતાનું નામ દેવકી અને પિતાનું નામ વસુદેવ હતું. શ્રી કૃષ્ણ તેમના માતા-પિતાનું આઠમું સંતાન હતા. વસુદેવ શ્રી કૃષ્ણને કારાગૃહમાંથી બહાર કાઢીને પોતાના મિત્ર નંદજીના ઘરે યશોદાજીના પાસે ગોકુળમાં મૂકી આવ્યા. ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમના રોજ થયો હતો. તેથી કૃષ્ણના જન્મનો દિવસ જન્માષ્ટમી તરીકે ઉજવાય છે.

પ્રશ્નો -

1. કારાગૃહ – શબ્દનો અર્થ જણાવો.

જવાબ. .....

2. શ્રી કૃષ્ણ તેમના માતા-પિતાનું આઠમું સંતાન હતા. – આ વાક્ય માંથી વિશેષણ અને તેનો પ્રકાર જણાવો.

જવાબ. .....

3. તેમની માતાનું નામ દેવકી અને પિતાનું નામ વસુદેવ હતું. – આ વાક્ય માંથી સર્વનામ જણાવો.

જવાબ. .....

4. શ્રી કૃષ્ણનો જન્મદિવસ ક્યારે ઉજવાય છે?

જવાબ. .....

5. નીચેના શબ્દોનો ઉપયોગ કરી અર્થ સભર વાક્ય બનાવો.

કારાગૃહ, ભગવાન, સંતાન, શ્રાવણ, ઘર.

જવાબ. .....